ગાંધીનગર શહેર ભાજપ દ્વારા ગુરુવંદનાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

આજે ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ગુરુવંદનાનો કાર્યક્રમ સવારે ૮ થી ૧ કલાક દરમિયાન યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર ખાતે આવેલ પંચદેવ મંદિર, સેક્ટર-૨૨, અક્ષરધામ સેક્ટર-૨૦, ગુરુદ્વારા મંદિર સેક્ટર-૩૦, ઝૂલેલાલ મંદિર સેક્ટર-૩૦, જલારામ મંદિર સેક્ટર-૨૯, અયપ્પા મંદિર સેક્ટર-૧, શનિદર્શન આશ્રમ સેક્ટર-૧, સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨, ઓમકારેશ્વર મંદિર, સેક્ટર-૪, રોઈતદાસ મંદિર સેક્ટર-૬, જૈન મંદિર સેક્ટર-૨૨, સાંઈબાબા મંદિર, સેક્ટર-૩, ઉમિયા માતાજી મંદિર સેક્ટર-૧૨, હનુમાનજી મંદિર સેક્ટર-૧૭, સહિત તમામ ગુરુજીનું શાલ ઓઢાડીને સન્માન કાર્યકર્તા દ્વારા કરવામાં આવ્યું હતું. અને ગુરુજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે મહાનગર ભારીતય જનતા પાર્ટીના પ્રમુખ નિતીનભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પાલિકાના ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન આશિષ દવે તથા વિરોધ પક્ષના નેતા મનુભાઈ પટેલ સહિત તમામ કોર્પોરેટર, સંગઠનના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

દારૂ પી અને બેફામ કાર ચલાવતા નબીરાઓને ચિલોડા પોલીસે ઝડપ્યા

ગાંધીનગર, તા. ૨૨

ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે પૈડા પરની જિંદગી આમ પણ દિનપ્રતિદિન જોખમી બનતી જાય છે. તેમાંય છેલ્લા કેટલાક સમયથી બાઈકર્સ ગેંગનો ઉપદ્રવ વધતા રોડ સેફટી વધુ જોખમાઈ છે. આવા સંજોગોમાં માર્ગો પર સડસડાટ દોડતી વૈભવી કાર્સ પણ જાનલેવા અકસ્માતનું કારણ બનતા વાહનચાલકોમાં ભય પ્રવર્ત્યો છે. ચિલોડા સર્કલ વિસ્તારમાં પણ હમણા દારૂ પી ને છાકટા બનતા કારચાલકો બેફામ કાર હંકારતા નાગરિકોમાં ફફડાટ વ્યાપ્યો છે. ચિલોડા પોલીસે આજે રાજાપાઠમાં બેફામ બની ગાડી હંકારતા બે કારચાલક સહિત ૮ નબીરાઓની ધરપકડ કરી છે. આઈ-૨૦ અને વર્ના કાર તેમજ ૧૦ મોબાઈલ સહિત રૂ. ૮ લાખનો મુદ્દામાલ પણ કબજે લીધો છે. દારૂના નશામાં ચકચૂર ઈસમો વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના માર્ગો પર ગતિ નિયંત્રણની વાત વિસરાતા સડસડાટ દોડતા વાહનો ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જે છે. ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે નશામાં ચકચુર યુવાનો બેફામ રીતે ગાડી હંકારતા માર્ગ સલામતી જોખમમાં મુકાય છે. નશામાં ડ્રાઈવીંગ કરતા નબીરાઓ અન્ય વાહનચાલકોના જીવ પણ જોખમમાં મુકે છે. ચિલોડા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે ત્યારે દારૂના નશામાં બેફામ કાર હંકારતા નબીરાઓ ચિલોડા પોલીસની ઝપટમાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા પોલીસે રાત્રીના સમયે દારૂ પીને આડેધડ કાર ચલાવતા બે નબીરાઓને ઝડપી લીધા હતા. પોલીસે માર્ગ પર તીવ્રગતિએ દોડતી આઈ-૨૦ કાર નં. જીજે-૧-કે.જી. ૮૬ ને ઉભી રખાવી તેના ડ્રાઈવર બંટી ચંદનલાલ જોગવાણીની પુછપરછ કરતા બંટી પીધેલી હાલતમાં ઝડપાયો હતો. જ્યારે કારની પાછળની સીટમાં બેઠેલા કપિલ દીલીપ દંતાની, વિજય પરેશ વિધાણી પણ નશામાં ચકચુર હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ઉપરાંત ચિલોડા સર્કલ પાસે બેફામ દોડતી વર્ના કાર નં. જીજે-૧-કે-એમ.૫૫૫૩ પણ રોકી તપાસ કરી હતી. આ દરમિયાન કારચાલક પ્રકાશ રાજુભાઈ હાલાણી પણ દારૂ પીધેલી હાલતમાં કાર ડ્રાઈવ કરતો હોવાનું ધ્યાને આવ્યું હતું. જ્યારે કારમાં બેઠેલા અન્ય ભરત કમલેશ કોરાણી, વિનોદ જયકીશન હડવાણી, રાકેશ ગોપાળદાસ લાલવાણી અને નિકેશ લાલચંદ દેવાણી પણ દારૂના નશામાં મદમસ્ત હતા. ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એલ.બી. મોણપરાએ બે કાર ડ્રાઈવર સહીત આઠેય નબીરાઓની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી બે કાર અને ૧૦ મોબાઈલ સહીત રૂ. ૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દારૂ પીધેલ નબીરાઓ સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સીસીટીવી કેમેરા લગાડવા જોગ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તાર શહેરી વિસ્તાર અને ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં હાઈવે ઉપર આવેલ મોટી દુકાનો, હોટલો, શોપિંગ સેન્ટરો, બસ્ટેન્ડ, રેલવે સ્ટેન્ડ, મંદિરો, સિનેમા ઘરો વગેરે જાહેર સ્થળોએ સુરક્ષાને ધ્યાને લઈ પ્રવેશ દ્વાર પર સિક્યુરીટી ગાર્ડ, મેટલ ડીટેક્ટરો તથા સીસીટીવી કેમેરા વીથ રેકોર્ડીંગ સીસ્ટમ વાળા મુકવા અને સીસીટીવીનું રેકોર્ડીંગ દિન-૧૫ સુધી જાળવી રાખવા સંબંધિત નાગરિકો અને જાહેરજનતાને જિલ્લા મેજીસ્ટ્રેટ પી. સ્વરૂપે તેમને મળેલી સત્તાની રૂએ જાહેરનામુ બહાર પાડીને હૂકમ ફરમાવ્યો છે.

મહાનગર પાલિકા વિસ્તારમાં રખડતા ઢોરોને પકડી માલિકો સામે કાર્યવાહી કરાશે

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરને કારણે ચોમાસાની ઋતુમાં અસહ્ય ગંદકીને કારણે રોગચાળાનો ભય સતાવે છે. રખડતા ઢોરોને કારણે શહેરના માર્ગો પર વૃદ્ધો તથા બાળકોને અકસ્માત પણ થયા છે. શહેરી વિસ્તારમાં ઢોરો રાખવાનું તદ્દન ગેરકાયદેસર છે. અગાઉ પણ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ બાબતને ધ્યાને લઈ શહેરી વિસ્તારમાં ઢોર રાખનાર શખ્સોને તાકિદ કરવામાં આવે છે કે તેમના ઢોર બિન અધિકૃત જગ્યામાંથી તાત્કાલીક ખસેડી દે તેમજ શહેર અને ગ્રામ્ય વિસ્તારના પશુપાલકોને પોતાના ઢોર પોતાની મિલકતમાં બાંધીને રાખવાનું જણાવવામાં આવે છે. અન્યથા રસ્તાઓ પર બિન અધિકૃત રીતે જમીનનો કબ્જો કરી રાખવામાં આવેલ ઢોરોને પકડાવીને સીધા પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવશે. જેની સામે કોઈ પણ પ્રકારની ફરિયાદ સાંભળવામાં આવશે નહી અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

ઉત્તરાખંડની હોનારતને લીધે પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના જન્મદિનની ઉજવણી મોકુફ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના પનોતા પુત્ર અને પૂર્વ મુખ્યમંત્રી, પૂર્વ વિદેશ મંત્રી માધવસિંહ સોલંકીનો ૩૦મી જુલાઈ-૨૦૧૩ના રોજ ઉજવનારો જન્મદિન ઉત્તરાખંડની હોનારતને લીધે મોકૂફ રાખવામાં આવ્યો છે.

ગુજરાતના પનોતા પુત્ર અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી, પૂર્વ વિદેશ મંત્રી, માધવસિંહ સોલંકીનો જન્મદિવસ રાબેતા મુજબ અને પરંપરાગત સર્કિટહાઉસ, ગાંધીનગરમાં ઉજવવામાં આવતો હોય છે, પરંતુ ચાલુ સાલે ઉત્તરાખંડની હોનારતમાં સેંકડો યાત્રીઓ ગુમ થયેલ છે અને ભયંકર જાનમાલને નુકશાન થયું છે. ગુજરાતનો એક પણ જિલ્લો એવો નથી કે આ હોનારતમાં અસર થઈ ના હોય ! ગુજરાતના દરેક જિલ્લામાંથી યાત્રાળુ ભાઈ-બહેનો ગુમ થયા છે. લગભગ ૧૨૫ ભાઈ-બહેનોનો હજુ પત્તો નથી. સમગ્ર રાજ્યમાં લોકો શોકમાં ડૂબેલા છે. આવા સંજોગોમાં જન્મદિવસ ઉજવવો હિતાવહ નથી. જેથી આ કાર્યક્રમ સદંતર બંધ રાખવામાં આવ્યો છે. જેની શુભેચ્છકો-કાર્યકરો-સ્નેહીઓ અને તમામ લાગતા વળગાતોએ નોંધ લેવી એમ જણાવ્યું છે. દિવંગતો પ્રત્યે ઘેરી સંવેદના સાથે પ્રભુ એમના આત્માને ચીર શાંતિ આપે એવી પ્રાર્થના કરી છે.

ભારત સરકાર અને ઉત્તરાખંડ સરકારે આમાં નિષ્ઠાપૂર્વક તમામને મદદ કરી છે અને હાલ પણ તેઓ સહાય કરી રહેલ છે.

આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

શક્તિ વંદના સાથે ગાંધીનગરના સેક્ટર-૧૪માં આવેલા એમ. ૭/૭૪, કુસુમબેનના નિવાસે આજે તા. ૨૩મી જુલાઈએ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન શક્તિ મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાશે. નગરના સર્વે ભક્તજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

શબ્દાવલી - ૫૧૨૭



આડી ચાવી

૧. હોંશિયાર, ચકોર (૩)
૫. દેવી-પાર્વતીનું એક નામ (૨)
૬. ક્રોધિત (૫)
૮. ટોપરામાંથી બનાવાનું તેલ (૪)
૯. એક સુપ્રસિદ્ધ કવિ... (૩) (જ્યાં જ્યાં નજર મારી ઠરે...)
૧૧. નૈયા, હોડી (૨)
૧૨. જ્ઞાતિ, નાત (૨)
૧૩. ઘણાને હાથમાં... પહેરાવાનો શોખ હોય છે (૨)
૧૪. સો... કરે એટલે સેન્ચુરી કહેવાય (૨)
૧૫. સ્મશાન (૩)
૧૭. જેલ (૨)
૧૮. વ્હાલી, લાડકોડમાં ઉછરેલી (૩)
૧૯. સમુળગુ, સપુચુ (૩)
૨૧. કુટેવ (૨)
૨૨. પડદો (૪)

ઊભી ચાવી

૧. ચારણ જાતિની કન્યા જેણે સિંહને ભગાડ્યો (૫)
૨. બુદ્ધ ધર્મના વડા (૨)
૩. કાગડાના માળામાં પોતાના ઈંડા ઉછેરવા મુકનાર પક્ષી (૩)
૪. વૃંદાવન (૫)
૬. કુદરતનો... આવો તો દુકાળ આવે (૨)
૭. હોલુ, કબૂતર (૪)
૮. નકલ, ઉતારો (૨)
૧૦. જ્ઞાની સે જ્ઞાની મીલે કરે જ્ઞાન કી બાત - ગધે સે ગધા મીલે કરે... (૫)
૧૧. વિષ્ણુ ભગવાનનો પરમ ભક્ત (૫)
૧૩. ચોખાના કટકા (૩)
૧૬. ઉતાવળ, ત્વરા (૨)
૧૭. શ્રીકૃષ્ણને... પણ કહેવાય (૩)
૨૦. પાંચીકા (૨)

શબ્દાવલી ૫૧૨૬ના જવાબ

આડી ચાવી :- (૧) વફાદારી (૪) આમન્યા (૬) નર (૭) તણખો (૮) પ્રગતિ (૧૦) આંધી (૧૧) વેંથિયો (૧૨) અવકાશ (૧૪) વેંત (૧૬) રક્ષા (૧૮) લક્ષ (૨૧) નળ (૨૨) વામન (૨૩) વારતા (૨૪) જોગી

ઊભી ચાવી :- (૧) વનપ્રવેશ (૨) ફારગતિ (૩) રીત (૪) આખો (૫) ન્યાયાધીશ (૯) તિયોવેં (૧૦) આંકાક્ષા (૧૩) વર (૧૫) તલવાર (૧૭) જળ (૧૯) ક્ષમતા (૨૦) દિલ્લગી (૨૧) નખ

પ્રમુખપદનો ફેંસલો... ● પહેલા પાનાનું ચાલુ

પાછુ ખેંચાયુ હતુ. આ પછી શિક્ષણ સમિતિના ૩ સભ્યોએ સમિતિના સભ્ય તરીકે રાજીનામા આપતાં સામાન્ય સભાએ તે મંજૂર કર્યા છે.

હજુ આ વિવાદ ઉકલ્યો નથી ત્યાં ઉપપ્રમુખ ભીખીબેન ઠાકોરે પણ તેમનો રાજીનામાનો પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કર્યો છે. આજે જિલ્લા પંચાયતના પ્રમુખના ઉમેદવારની પસંદગી કેન્દ્રીય પ્રભારી કામથ દ્વારા થઈ હતી. ઉમેદવારી પત્ર ભરાવાની ૧૫ મિનિટ બાકી હતી ત્યારે શ્રીમતિ હીનાબેન પટેલની પસંદગી અંગે જાહેરાત થઈ હતી.

તે પૂર્વે ગાંધીનગર-હિંમતનગર હાઈવેની એક હોટલ પર યોજાયેલી કોંગી સભ્યોની બેઠકમાંથી ૧૦ જેટલા ઠાકોર સમાજના સભ્યો બેઠક છોડી ગાંધીનગર આવી ઉમેદવારી નોંધાવી હતી પરંતુ નેતાઓની દરમ્યાનગીરીથી મામલો થાળે પડી ગયો હતો. ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન દિલીપભાઈ પટેલના રાજીનામાના કારણે તા. ૨૩-૭-૨૦૧૩ના રોજ યોજાનાર જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પંચાયતની ૧૬-પોર બેઠકના સદસ્યા શ્રીમતી હિનાબેન હરેશભાઈ પટેલની પસંદગી કરાતાં આજ રોજ જિલ્લા પંચાયત ખાતે પ્રદેશ નિરીક્ષક અને ધારાસભ્યશ્રી શૈલેષભાઈ પરમાર, કાર્યકારી પ્રમુખ શ્રીમતી ભીખીબેન ઠાકોર, ધારાસભ્યો સર્વશ્રી અમિત ચૌધરી, કામીનીબેન રાઠોડ તેમજ જિલ્લાના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરોની હાજરીમાં શ્રીમતી હિનાબેન હરેશભાઈ પટેલે પોતાનું ઉમેદવારી પત્ર રજુ કરી ઉમેદવારી નોંધાવી છે. એવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી જશુભા રાણાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

જિલ્લા કોંગ્રેસના પ્રવક્તા શ્રી સુર્યસિંહજી ડાભીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રમુખપદ માટે મહિલા સદસ્યો સર્વશ્રી આનંદીબેન બિહોલા, ઉષાબેન પટેલ, ભીખીબેન ઠાકોર અને હીનાબેન પટેલ પ્રમુખ દાવેદારો હતા. કોંગ્રેસ હાઈ કમાન્ડે પ્રમુખપદે શ્રીમતી હિનાબેન પટેલની પસંદગી થયાની જાણકારી આપી તમામ સભ્યો સાથે વિશદ પરામર્શ કરી સર્વસંમતિથી કોંગ્રેસ પક્ષ તરફથી હિનાબેન હરેશભાઈ પટેલની ઉમેદવારીને વધાવી લીધી હતી.

રૂમાલ સુંઘાડીને... ● છેલ્લા પાનાનું ચાલુ

ચાર શખ્સોએ તેને રૂમાલ સુંઘાડી અપહરણ કરી લીધાની ઘટના પ્રકાશમાં આવી છે. ગાંધીનગર સમાચાર સાથે અપહ્યુત કિશોરના પિતા કિશનભાઈએ કરેલી વાતચીતમાં તેમણે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે તેમનો દિકરો સાયકલ ચલાવી રહ્યો હતો તે દરમ્યાન બ્લેક ફિલ્મપટ્ટીવાળી સફેદ રંગની મારૂતીવાનમાં ચાર શખ્સો આવ્યા અને સે. ૭ આવકાર કોમ્પલેક્ષ સામેના રસ્તે તેમના દિકરાને પટેલવાડી ક્યાં ? સરનામુ પુછ્યુ હતુ. કિશોરે રસ્તો ચિંધ્યો...! પરંતુ વાનમાં બેસેલા એક શખ્સે કહ્યું કે અમે બપોરના શોધીએ છીએ પણ મળતુ નથી. તુ ગાડીમાં બેસી જા... અને રસ્તો બતાવ હું તારી સાયકલ લઈ લઉ છું...! વાનમાં ભોળવીને કિશોરને વાનમાં બેસાડી દીધો અને રૂમાલ સુંઘાડી દીધો હતો. રૂમાલ સુંઘતા જ કિશોર બેભાન થઈ ગયો હતો. તેની આંખ ખુલી ત્યારે પણ તે મારૂતી વાનમાં જ બંધ હતો પરંતુ વાનમાં બીજુ કોઈ ન હતુ. બહાર અંધારૂ થઈ ગયુ હતુ. વાન કોબા સર્કલ પાસે પડી હતી અને ચારેય અપહરણકારો કિશોરને બેભાન માનીને ચા-નાસ્તો કરવા ઉભા રહ્યા હતા. અંધારાનો અને કોઈ અપહરણકાર પાસે ન હોવાની તકનો લાભ લઈને કિશોરે ધીરેથી વાનનો દરવાજો ખોલ્યો અને સામેની ઝાડીઓમાં દોડીને ઘુસી ગયો હતો. રસ્તા પર રીક્ષા કે જીપ કરવા જશે તો ફરી પેલા લોકો પકડી જશે તેવા ડરના માર્યા કિશોરે ઝાડીઓમાંથી બહાર આવવાનું ટાળ્યું અને હિંમત કરીને ઝાડીઓમાં જઈને ચાલતો ચાલતો ઘરે જવા દોટ મુકી હતી. બીજી તરફ રાત પડી જવા છતાં ઘરે પરત ના ફરેલા દિકરાની ચિંતામાં પરિવારજનો રડી-રડીને અડધા થઈ ગયા હતા. રાત્રે પિતા કિશનભાઈ સે. ૭ પોલીસ સ્ટેશન ગુમ થયા અંગે ફરીયાદ આપવા ગયા...! તે જ વખતે તેમની પત્નિનો ફોન આવ્યો... રાત્રે સાડા અગીયાર વાગ્યા હતા. ફોનમાં કહ્યું કે આપણો દિકરો ઘરે આવી ગયો છે કોઈ એને ઉપાડી ગયુ હતું. બધુ જ પડતુ મુકીને હાંશકારા સાથે તેઓ પણ ઘરે પરત પહોંચી ગયા હતા. પિતાએ દિકરાને મળીને પુછ્યુ કે રસ્તામાં શું થયું હતું ? કોણ હતા એ લોકો ? કાંઈ કહેતા હતા ? પરંતુ તે બેભાન હોવાથી કંઈ જ ખબર ન હોવાનું કહી રહ્યો છે. કિશનભાઈના કહ્યા પ્રમાણે તેમને કોઈની સાથે દુશ્મનાવટ કે જુની કોઈ અદાવત પણ નથી તો અપહરણ કરનાર વ્યક્તિઓ કોણ હોઈ શકે અને તેમનો શું ઈરાદો હશે ? જો કે આ તપાસ તો પોલીસે કરવી ખુબ જ જરૂરી બની છે. મોટો સવાલ એ ઉભો થાય છે કે શું મુંબઈ જેવા વિસ્તારોમાં બનતા હ્યુમન ટ્રાફીકીંગના કિસ્સાઓની માફક પાટનગરમાં પણ આવા ગુનાનો આરંભ થઈ રહ્યો નથી ને ...!

પ્લાનને બહાલી... ● પહેલા પાનાનું ચાલુ

ખર્ચ થશે. મળેલી માહિતી મુજબ રાજ્ય સરકારે આ પ્રોજેક્ટના ડ્રાફ્ટ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર)ને મંજૂરી આપી દીધી છે. અંતિમ ખર્ચનો આંકડો ૨૨૦૦૦ કરોડની આસપાસ રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આમા હજુ પણ વધારો થઈ શકે છે. કારણ કે પ્રોજેક્ટ પ્રક્રિયા ઉપર કામગીરી ચાલી રહી છે. મૂળભૂત પ્રોજેક્ટનો ખર્ચ જ્યારે વર્ષ ૨૦૦૪-૦૫માં મૂકવામાં આવ્યો ત્યારે માત્ર ૫૦૦૦ કરોડ રૂપિયાનો હતો. ઉચ્ચસ્તરીય સૂત્રોએ કહ્યું છે કે પ્રધાનની સમીતિ અને મુખ્ય સચિવના નેતૃત્વમાં ગ્રૂપ ઓફ સેક્રેટરીએ મેટ્રો રેલના અંતિમ ડીપીઆરને મંજૂરી આપી દીધી છે.

આ ખર્ચ અંદાજિત ૨૨૦૦૦ કરોડનો રહેશે. મેટ્રો લીંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (એમઈજીએ) કંપની લિમિટેડ દ્વારા સૂચવવામાં આવેલી અગાઉની યોજનાને પ્રધાનની સમીતિએ ફગાવી દીધી હતી. નિર્માણ કામગીરી અગાઉ સાબરમતીમાં ઈન્ફોસિટી ગાંધીનગર અને એઈસી જંકશન વચ્ચે શરૂ થનાર હતી. હવે જૂના શહેરમાં આવેલા વિસ્તારમાં કામગીરી પહેલા શરૂ થશે જેથી મોટો પડકાર ઊભો થશે.

અંડરગ્રાઉન્ડ રેલ નેટવર્ક બે જૂના શહેરોના રૂટને આવરી લેશે જેમાં એપીએમસી વાસણા-પાલડી-જમાલપુર-કાલુપુરથી સિવિલ હોસ્પિટલ અને મેમ્કોનો સમાવેશ થાય છે. આ રૂટ સર્વોચ્ચ પ્રાથમિકતાવાળા રહેશે. આ વિસ્તારોમાં ખૂબ વધારે વસ્તીને ધ્યાનમાં લઈને અંડરગ્રાઉન્ડ ટનેર બનાવવાની બાબત ખૂબ જ પડકારરૂપ છે. આશરે ૬૦ ટકા રેલ લેન્થ અંડરગ્રાઉન્ડમાં રહેશે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં મેટ્રો પ્રોજેક્ટના સંબંધમાં મહત્વની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા બાદ હવે આને લઈને ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે.

ગુરૂ પૂર્ણિમા નિમિત્તે માણેકપુરનો સંઘ જેતલપુર પહોંચ્યો



ગાંધીનગર, તા. ૨૨

ગુરૂ પૂર્ણિમાના પાવન પ્રસંગે ગુરુજીના આર્શીવાદ લેવા હજારો શિષ્યો દેશના ગમે તે ખૂણામાંથી આવે છે ત્યારે ગાંધીનગરના માણેકપુર ગામનો સંઘ છેલ્લા ૨૫ વર્ષથી જેતલપુર ગુરુજીના આર્શીવાદ મેળવવા માટે જાય છે અને ચાલુ વર્ષે ૬૦ જેટલા વ્યકિતઓ માણેકપુરથી કાલુપુર જેતલપુર પગપાળા સંઘ તા. ૨૦ જુલાઈના રોજ માણેકપુરથી નીકળીને ગાંધીનગર શહેરના સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે ગતરોજ પહોંચ્યા હતાં. જયાં સંઘના સભ્યો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિશ્રામ કરી સંઘના નરનારાયણ યુવક મંડળ, સ્વામીનારાયણ મંદિર (ચૌધરી) (માણેકપુર) યુવાનો આજે જેતલપુર ખાતે પહોંચ્યા હતાં અને આજે ગુરૂ પૂર્ણિમાના પવિત્ર દિવસે ગુરૂજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સ્થિતિ થાળે પડી... ● પહેલા પાનાનું ચાલુ

કામથ તરફથી હીના પટેલની પસંદગી થયાનો ધ્વનિસંદેશ મળ્યો હતો. આ પછી હીના પટેલે પણ ઉમેદવારી નોંધાવી હતી. ત્યારબાદ આ અંગે પુનઃ કામથ સાથે શ્રી શૈલેષ પરમારે ફોન પર વાત કરી હતી અને શિસ્તભંગ કરનાર જે કોઈ હોય તેમની સામે પગલાં લેવા માટેની મંજૂરી આપી હતી. બીજી તરફ બળવો કરનાર ઠાકોર સભ્યોએ પણ અંદરોઅંદર ચર્ચાઓનો દોર આરંભ્યો હતો. આ સભ્યોને ડૉ. સી.જે. ચાવડા, સાંસદ જગદીશ ઠાકોરે સમજાવ્યા હતા. તો ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ જિલ્લા સ્તરે મધ્યસ્થી બની ભૂમિકા મહત્વની ભજવી હતી. જો કે આ ચર્ચાનો દોર ચાલુ હતો ત્યાં સુધીમાં બળવાખોર ઉમેદવાર આનંદીબેન બિહોલાની તરફેણમાં ૧૪ જેટલા સભ્યો થઈ ગયા હતા. પંચાયત પ્રમુખની એન્ટી ચેમ્બરમાં બેસી અને પ્રદેશ નીરિક્ષક શ્રી શૈલેષ પરમાર બધી જ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા હતા. તેમણે કહ્યું કે 'હું પગલાં લઈશ' મારી ગાડીમાં જ પક્ષમાંથી સસ્પેન્ડ કરવાના પત્રો લઈ આવ્યો છું.' 'મને પ્રદેશ સમિતિએ સંપૂર્ણ સત્તાઓ આપી છે.' તેમણે જણાવ્યું હતું કે મને વિશ્વાસ છે કે આ ચા ના કપમાં આવેલો ઉભરો છે અને શમી જશે. તેઓ જિલ્લાના આગેવાનો શ્રી જશુભા રાણા, શ્રી અશ્વિન બારોટ, શ્રી અમીત ચૌધરી, શ્રી મહોબ્બતસિંહ, શ્રી ભરતસિંહ ઠાકોર, શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી સૂર્યસિંહ ડાભી સહિત સૌની સાથે સંપર્કમાં હતા. બપોરે ૩ વાગે પ્રદેશ નેતાઓ અને જિલ્લા આગેવાનોના પ્રયાસો સફળ થયા હતા અને શ્રીમતિ આનંદીબેન બિહોલાએ પોતાનું ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાની વિધિવત જાહેરાત પણ કરી દીધી હતી. આજે ઉમેદવારની પસંદગીને લઈ રાજકીય કશ્મકશ છેક છેલ્લી ઘડી સુધી ચાલુ રહેવા પામી હતી. બળવાખોર જૂથને પૂર્વપ્રમુખ મંગીબેન પટેલ સહિત એક-બે ચેરમેનો દ્વારા પણ પુરેપુરૂ સમર્થન કરાયું હતું. આજે જે સભ્યો બળવાખોર બન્યા હતા તે અગાઉની ચૂંટણીમાં પક્ષ સાથે હતા જ્યારે જેમને પક્ષ સામે બળવો કર્યો હતો તે પક્ષ સાથે હતા આ જ સમયની બલિહારી છે તેવી ચર્ચા પંચાયતના પરિસરમાં થતી જોવા મળી હતી. જો કે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ શ્રી જશુભા રાણા પ્રથમથી જ વિશ્વાસ ધરાવતા હતા કે બધુ શાંત થઈ જશે અને ઘીના ઠામમાં ઘી પડી જશે. તેમણે જણાવ્યું હતું કે ક્યાંક મતભેદ થયો હશે પણ સભ્યોમાં કોઈ મનભેદ નથી.

આગેવાનો ... ● પહેલા પાનાનું ચાલુ

૧૮૧ સભ્યોની પ્રદેશ કારોબારીની રચના કરેલ છે. આ પ્રદેશ કારોબારીમાં સમાજના યુવા, મહિલા ગ્રામીણ અને વનવાસી જેવા વિવિધ વર્ગોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. કાર્યકર્તા, ચૂંટાયેલા સભ્યો તથા વ્યવસાયકો જેવા કે ડોક્ટર, વકીલ, આઈ.પી.એસ., આઈ.એ. એસ. નિવૃત્ત અધિકારીઓ, શિક્ષકો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કારોબારીની વિશેષતામાં ૩૫ મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવેલ છે તેમજ અનેક કાર્યકર્તાઓ કારોબારીમાં પ્રથમ વખત સ્થાન કરેલ છે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે પ્રદેશ કારોબારીમાં પ્રદેશ કારોબારી સદસ્યો ઉપરાંત પ્રદેશ હોદ્દેદારો ૨૮, જિલ્લા પ્રભારી ૨૩, મોરચાના પ્રદેશ અધ્યક્ષો ૭ અને વિવિધ સેલના ૩૦ કન્વિનરો સમાયા છે.

જાહેર નિવિદા

ગાંધીનગર જિલ્લામાં ફાર્મ મશીનરીના એગ્રો સર્વિસ પ્રોવાઈડર યુનીટ સ્થાપવા માંગતી સંસ્થા / વ્યક્તિ પાસેથી તેઓ જે વિસ્તારમાં યુનીટ સ્થાપવા માંગતા હોઈ તે વિસ્તારના ખેતી કાર્યના ભાવ મંગાવવામાં આવે છે. આ ફોર્મ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીમાંથી કચેરી કામકાજ સમયમાં તા. ૩૧-૭-૧૩ સુધી મળશે અને તા. ૩-૮-૧૩ના ૧૭.૦૦ કલાક સુધીમાં કચેરી ખાતે જમા કરાવવાનાં રહેશે.

સ્થળ : ગાંધીનગર — જિલ્લા ખેતીવાડી અધિકારી
તારીખ : ૨૨-૭-૨૦૧૩ — જિલ્લા પંચાયત, ગાંધીનગર
માહિતી/૮૧૯/૨૦૧૩-૧૪